# લ્યો કરો વાત... સ્ટેટ બેન્કની ડીસા શાખામાં અજાણ્યા શખ્સો નકલી નોટ પધરાવી ગયા

**એક હજારની ૧૭ અને પાંચસોની ૯ નકલી નોટો જમા થવી હોવાની વિગતો બહાર આવતાં બેન્ક અધિકારીએ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી**

ડીસા

ડીસાના ફુવારા સર્કલ પાસે આવેલ મુખ્ય એસબીઆઈની શાખામાં અજાણ્યો શખ્સ રૂપિયા પાંચસો અને હજારની મળી કુલ ૨૧,૫૦૦ની નકલી નોટો પધરાવી જતા બેંક અધિકારીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવા પામી હતી.



ભારત સરકાર દ્વારા ૮ નવેમ્બર ૨૦૧૬ ના રોજ નોટબંધી જાહેર કરી હતી જેમાં રૂપિયા ૫૦૦ તથા ૧૦૦૦ની જૂની નોટો ચલણ માંથી બંધ કરવામાં આવી હતી. ત્યારે ડીસાના ફુવારા સર્કલ પાસે આવેલ એસબીઆઈની મુખ્ય શાખા માં ગત ૯ નવેમ્બર ૨૦૧૬થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે બેંકમાં રૂપિયા ૫૦૦ની ૯ અને રૂપિયા હજારની ૧૭ નોટો મળી રૂપિયા ૨૧૫૦૦ ની ચલણી નોટો પધરાવી ગયું હતું. આ અંગે બેંક અધિકારી કલ્પેશકુમાર પ્રફુલચંદ્ર ઠાકર દ્વારા અજાણ્યા શખ્સ વિરુદ્ધ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી ફરિયાદમાં તેઓએ જણાવ્યું હતું કે ડીસા ની મુખ્ય એસબી શાખામાંથી મોટા કાપરા , ભીલડી, જેવી શાખાઓ તથા બીએસેનલ પોસ્ટ ઓફિસ સહિતની વિવિધ ઓફિસોમાંથી નાણાં જમા થાય છે જે દરમિયાન ૧૯ જુલાઈ ૨૦૧૭ ના રોજ તેમની બેંકમાં તથા અન્ય બેંક સહિત ઓફિસમાં જમા કરાવેલ ૧૮૯ કરોડ રૂપિયા રિઝર્વ બેન્ક અમદાવાદ ખાતે જમા કરાવેલ જેમાં ૧૦૦૦ની ૧૭ તેમજ ૫૦૦ ની ૯ નોટો મળી કુલ ૨૧ ૫૦૦ નકલી નોટો હોવાનું બહાર આવતા આ અંગે ડીસા એસ.બી.આઈ શાખાના અધિકારીને જાણ કરવામાં આવી હતી ત્યારબાદ બેંક અધિકારીએ નકલી નોટો જમા કરાવનાર સખસ વિરુદ્ધ ડીસા દક્ષિણ પોલીસ મથકે ધોરણસર ફરિયાદ નોંધાવી હતી.

## થરાના કોંગ્રેસના અગ્રણી અને પ્રગતિ બેંકના ચેરમેનની એનિમલ વેલફેર બોર્ડમાં ડિરેક્ટર પદે વરણી

કાંકરેજ, તા. ૨

બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ અગ્રણી,પ્રગતિ બેંક થરાના ચેરમેન, અને વેપારી અગ્રણી એવા ચિનુભાઈ શિવલાલ શાહની




ગુજરાત સરકારના પ્રાણી કલ્યાણ બોર્ડમાં ડીરેક્ટર પદે વરણી કરાતાં તેમના શુભેચ્છકોમાં હર્ષની લાગણી જોવા મળી હતી. શુભેચ્છકો દ્વારા અભિનંદનનો વર્ષા કરવામા આવી હતી.

# એલઆરડી પેપર કૌભાંડીઓના પાપે હજ્જારો બેરોજગાર યુવાનોને એક સરકારી નોકરીથી હાથ ધોવાનો વારો

૨ ડિસેમ્બરે યોજાનાર લોકરક્ષક દળની પરીક્ષાનું પેપર લીક થતા પરીક્ષા રદ કરાતા રાજયના ૯ લાખ જેટલા બેરોજગારોની મહેનત પર પાણી ફરી વળવાની સાથે રાજય સરકારની આબરૂ પણ ધૂળધાણી થઈ હતી.

રાજય સરકારે રદ થયેલ પરીક્ષા ફરીથી ૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ યોજવામાં આવી રહી છે, બીજુબાજુ ૬ જાન્યુઆરીએ રેલવે પોલીસ ફોર્સની પરીક્ષા હોવાથી હજ્જારો વિદ્યાર્થીઓ મુંઝવણ અનુભવી રહ્યા છે. એલ.આર.ડી પેપર કૌભાંડીઓના પાપે ગમે તે એક પરીક્ષા જતી કરવી પડે તેવી સ્થિતિ પેદા થતા બેરોજગાર યુવાનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રાજય સરકાર અને ભરતી બોર્ડની પણ ગંભીર બેદરકારી તારીખ જાહેર કરવામાં છતી થતા હજ્જારો બેરોજગાર યુવાનોએ બંનેમાંથી ગમે તે એક સરકારી નોકરીથી હાથ ધોવાનો વારો આવ્યો છે.



૨ ડિસેમ્બરે લોકરક્ષક દળની પરીક્ષા યોજાય તેના ગણતરીના કલાકો પહેલા પરીક્ષાનું પ્રશ્નપત્ર લાખ્ખો રૂપિયામાં વેચાયું હોવાનું અને અનેક પરીક્ષાર્થીઓએ પૈસાથી ખરીદ્યુ હોવાની માહિતી ભરતી બોર્ડના કમિશ્નર વિકાસ સહાય સુધી માહિતી પહોંચતા લોકરક્ષક દળની પરીક્ષા રદ કરાઈ હતી અને ૬ જાન્યુઆરીએ પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ હતી. જોકે આજ દિવસે રેલવે ભરતી બોર્ડ દ્વારા રેલવે પ્રોટેક્શન ફોર્સની પરીક્ષા યોજાનાર હોવાથી હજ્જારો પરીક્ષાર્થીઓ બંને પરીક્ષા માંથી ગમે તે એકજ પરીક્ષા આપવી પડશે. કઈ પરીક્ષા આપવી તે પણ પરીક્ષાર્થીઓની માનસિક સ્થિતિ પર ભારે દબાણ સર્જી રહી હોવાનું પરીક્ષાર્થીઓએ જણાવ્યું હતું.

બંને પરીક્ષા એકજ તારીખ અને સમય પણ સરખો હોવાથી પરીક્ષાર્થીઓએ ગમે તે એક પરીક્ષા જતી કરવી પડશે સરકારની બેદરકારીના પગલે પરીક્ષાર્થીઓની મહેનત પાણીમાં જવાની અને રેલવે પોલીસની પરીક્ષા માટે રૂ. ૫૦૦ ફી પેટે ભર્યા હોવાથી રૂપિયા પણ ખોવાનો વારો આવશે. બેરોજગાર યુવાનોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે બેરોજગારી સતત વધી રહી છે અને પેપરલીક કૌભાંડમાં કૌભાંડીઓના પાપે અને સરકારે પરીક્ષાની તારીખની નવી જાહેરાત કરતાં સમયે ધ્યાન ન રાખતા હજ્જારો બેરોજગાર યુવાનોએ કાયમી માટે એક સરકારી નોકરી ગુમાવવી પડશે. સરકારે આગામી સમયમાં યોજાનાર ભરતીમાં પેપર લીક ન થાય અને કેન્દ્ર સરકારની પરીક્ષા સમયે રાજ્ય સરકાર એજ દિવસે પરીક્ષાના બદલે અન્ય દિવસે પરીક્ષા યોજે અને પેપરલીક કરનાર માફિયાઓ સામે શખ્ત કાર્યવાહી કરવાની માંગ સાથે પરીક્ષાર્થીઓનું ભવિષ્ય ન બગડે તેનું પણ ધ્યાન આગામી સમયમાં રાખવાનું જણાવ્યું હતું.

## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ મુખ્યમંત્રી રૂપાણીના રાજીનામાંની માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર સરકારી સમારંભમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર ગૃહ વિભાગ અને મહેસુલ વિભાગમાં થતો હોવાના નિવેદનના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગૃહ, મહેસુલ સહીત તમામ સરકારી વિભાગોમાં ભ્રષ્ટ્રાચાર એજ શિષ્ટાચાર બની જતા રાજ્યમાં બેફામ ભ્રષ્ટાચાર રોકવામાં નિષ્ફળ રહેતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જવાબદારી સ્વીકારી રાજીનામુ આપેની માંગ સાથે ધરણા યોજી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપ્યું હતું. અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બુધવારે મોટી સંખ્યામાં અગ્રણીઓ, મહિલા મોરચો, યુથ કોંગ્રેસ, મોડાસા શહેર કોંગ્રેસના કાર્યકરોએ જીલ્લા સેવા સદન કચેરીના પટાંગણમાં ઉમટી મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજીનામુ આપનેની માંગ સાથે ભ્રષ્ટાચારી સરકારના નારા લગાવી ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.





## કે. એન. શાહ મોડાસા હાઈસ્કૂલના એન.એન.એસ.ના વિદ્યાર્થીઓની શિબિરનો પ્રારંભ

મોડાસા શહેરની જાણીતી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલની ૧૫ મી એન.એન.એસ શિબિર મુન્સીવાડા ખાતે પ્રારંભ થયો હતો એન.એન.એસ ના તાલીમાર્થીઓ દ્વારા મુન્સીવાડા ગામે સ્વચ્છતા અભિયાન અને જનજાગૃતિ સહીત ભારતીય સંસ્કૃતિ ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે શિબિરનો પ્રારંભ મંડળના પ્રમુખ બિપિન શાહ, સાબરકાંઠા બેન્કના એમ.ડી પંકજ પટેલ ,ગામના ઉપસરપંચ વનરાજસિંહ ઝાલા,પંકજ બુટાલા, કે.કે.શાહ,કે.બી.શાહ, પ્રિન્સિપાલ મનીષ જોશી,સુપરવાઈઝર કે.આર.ખાંટ,જી.બી પટેલ ,પ્રાથમિક શાળાના આચાર્ય હસ્મિતા બેન સ્ટાફ પરિવાર અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા શિબિરનો પ્રારંભ પી.ડી.બારોટ તથા કલાવૃંદે પ્રાર્થના રજુ કરી વાતાવરણમાં અનેરી ઉષ્માનો સંચાર કર્યો હતો.

## પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યાં

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન પ્રાંતિજ દ્વારા 'જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર' ખાતે તાલીમાર્થી બહેનોને પ્રમાણ પત્ર વિતરણ કરવામાં આવ્યાં.

પ્રાંતિજ ખાતે છેલ્લા આઠ વર્ષથી સર્જન ફાઉન્ડેશન પ્રાંતિજ દ્વારા 'જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર' ખાતે ચાલતી સિવણ તાલીમ, ભરત-ગુંથણ તાલીમ, બ્યુટી પાર્લર ની તાલીમ તેમજ હેન્ડી કાફટ જેવી તાલીમમાંથી ૭૬ તાલીમમાંથી બહેનોને તાલીમબાદ સર્ટીફીકેટ આપવામાં આવ્યાં હતા. જેમાં સિવણ વર્ગની-૪૯, બ્યુટી પાર્લરની ૧૯ અને હેન્ડીક્રાફ્ટની-૮ બહેનોને ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતા. આ પ્રસંગેપ્રાંતિજ તાલુકા પ્રમુખ બહેચરસિંહ રાઠોડ, મન્સુરીભાઈ, ટ્રસ્ટી શરદભાઈ, પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન યાસ્મીનબેન, સબાનાબેન, નેહાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભિલોડામાં આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજ સામે ચાર પરણિતાઓ જંગે ચઢી

**સમાજના આગેવાનોએ એક તરફી છુટાછેડાનો ચુકાદો આપી દેતાં મહિલાઓએ મૌન રેલી કાઢી : મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી મહિલાઓની રજુઆત**

ભિલોડા,તા.૨

ભિલોડામાં હિન્દુ આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજની ચાર પરણિતાઓ જંગે ચઢી સમાજના આગેવાનોએ એક તરફી છુટાછેડાનો ચુકાદો આપી દેતાં મહિલાઓએ મૌન રેલી કાઢી મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી મહિલાઓએ ધારદાર રજુઆત કરી હતી. હિન્દુ આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજ સામે ચાર પરણિતાઓ ન્યાય મેળવવા માટે જંગે ચઢી છે. મહિલાઓ ગાંધીચિધ્યા માર્ગે લડત આપવાની તૈયારી કરી રહી છે. આદિવાસી સમાજના કહેવાતા આગેવાનોએ એક તરફી છુટાછેડાનો ચુકાદો આપી દેતાં મહિલાઓએ મૌન રેલી કાઢી મામલતદાર કચેરીમાં આવેદનપત્ર પાઠવ્યું હતું. કાળીદાસ બદાજી ગામેતી, બેચરભાઈ ફુલાજી ઘોઘરા, પુનાભાઈ રૂપાભાઈ ડામોર, રણજીતભાઈ ડામોર સહિત આદિવાસી સમાજના સામાજીક આગેવાનોએ એકત્રિત થઈ આવેદનપત્ર આપી ધારદાર રજુઆતો મહિલાઓને ન્યાય અપાવવા કરી હતી. ભિલોડા, મેઘરજ, વિજયનગર, ખેડબ્રહ્મા, પોશિના પંથકની ચાર પરણિતાઓને હિન્દુ આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજના આગેવાનો ધ્વારા છુટાછેડા આપી દેતાં મહિલાઓ,યુવાનો,વડીલોએ એકત્રિત થઈ મૌન રેલી કાઢી ભિલોડા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી ન્યાયિક રીતે ન્યાયની માંગણી કરી છે. ભિલોડા તાલુકાના ગોઢ પાલ્લા ગામના અંજનાબેન ઉર્ફે છાયાબેન પ્રકાશભાઈ વાલજીભાઈ નિનામા, રહે.ગોઢ પાલ્લા સહિત ત્રણ મહિલાઓએ આવેદનપત્રમાં આક્ષેપ કર્યો છે કે અમારી માંગણી મુજબ યોગ્ય રીતે ન્યાયિક તપાસ કેમ કરાતી નથી ? આદિવાસી ડુંગરી ગરાસીયા પંચ રજીસ્ટર્ડ નથી ? તેવો આક્ષેપ કર્યો છે. છેલ્લા ૩૦ વર્ષથી મહામંત્રી, હાલના તબક્કે પ્રમુખ ધુળજીભાઈ ગામેતીનું કહેવું છે કે અમારૂ પંચ રજીસ્ટર્ડ છે. આક્ષેપ સાથે મહિલાઓએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજમાં બની બેઠેલા આગેવાનો ગેરકાયદેસર મંડળના નામે આદિવાસી સમાજની દિકરીઓના એકતરફી છુટાછેડા અપાવી અંદાજીત રૂા.૨૫,૦૦૦/- થી રૂા.૧,૦૦,૦૦૦/- સુધી સમાજ નામે લેવાય છે તેમ જંગે ચડેલી પરીણીત મહિલાઓએ જણાવ્યું હતું કે એકતરફી છુટાછેડા થયેલ ચાર મહિલાઓ ખોટી રીતે ભોગ બની છે મહિલાઓને તેમના બાળકોનું ભરણપોષણ કેવી રીતે કરવું આજીવીકા કેવી રીતે ચલાવવી તે પ્રાણ પ્રશ્ન સર્જાયો છે.જંગે ચઢેલી ચાર પરણીત મહિલાઓએ ત્રાસી જઈ પોલીસ ફરીયાદ નોંધાવી છે. હિન્દુ ડુંગરી ગરાસીયા જનરલ પંચ મંડળના નામે મહિલાઓનું ખોટી રીતે અયોગ્ય પધ્ધતીથી શોષણ થઈ રહ્યું છે. અંજનાબેન છેલ્લા પાંચ વર્ષથી હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે આ બાબતે યોગ્ય ન્યાયિક તપાસની માંગણી કરી રહ્યા છે. આદિવાસી સમાજના કહેવાતા ૧૮ આગેવાનો ઉપર તાજેતરમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે પરંતુ આજ દિન સુધી પોલીસ ધ્વારા આગેવાનો સામે કોઈ જ તપાસ કે કાર્યવાહી યોગ્ય દિશામાં ન્યાયિક રીતે કેમ થઈ નથી ? અંજનાબેન ઉર્ફે છાયાબેનએ ભિલોડા કોર્ટમાં જાણ કરી છે કે સંપુર્ણ તપાસ નહી થાય ત્યાં સુધી કોર્ટમાં જવાબ આપી શકું તેમ નથી તેમ જણાવ્યું હતું. પંચના આગેવાનો,કારોબારી સભ્યો સહિત હોદ્દેદારોએ બનાવેલ પંચ રજીસ્ટ્રેશન નથી તેમ આદિવાસી સમાજના જાગૃત આગેવાનો અને મહિલાઓએ જણાવ્યું હતું.આદિવાસી સમાજના પ્રજાજનોને અંધારામાં રાખીને સમાજના પ્રજાજનોને છેતરવામાં આવે છે ત્યારે રૂપિયા કમાવવાનો જાણે કે ધંધો બનાવી દીધો હોય તેમ સમાજમાં લોકમુખે ચર્ચાય છે.






અનેક દિકરીઓ આજ દિન સુધીમાં ખોટી ન્યાયિક અયોગ્ય પધ્ધતિ હોવાના કારણે પરણીત મહિલાઓ છુટાછેડાનો ભોગ બની છે.જેની તપાસ ઝીણવટથી થાય કોર્ટ સુધીમાં પુરાવો રજુ કરવા મેળવવામાં આવે તો આ આદિવાસી સમાજના આગેવાનો ત્રાસ આપતા બંધ થશે તેવો મહિલાઓએ ઉગ્ર રીતે આક્ષેપ કર્યો હતો.યુવાન બહેનો અને વડીલો એક થઈ મૌન રેલી કાઢી ભિલોડા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી ઉગ્ર ધારદાર રજુઆત કરી હતી.



## દાંતીવાડાના મલાણા ગામમાં જાહેર રસ્તાઓ પર પાણીની રેલમછેલ !

જાહેર રસ્તાઓ પર ઠેરઠેર પાણીનો બગાડ થતા રોગચાળો ફાટવાની ભીતિ ! જવાબદાર તંત્ર ઘોર નિંદ્રામાં ! પાલનપુર તાલુકામાં આવેલ મલાણા ગામમાં જાહેર રસ્તાઓ પર જ પાણીની રેલમછેલ જોવા મળી રહી છે જેના કારણે જાહેર રસ્તાઓ પર ખાડા પડી રહ્યા છે જેથી વાહનચાલકો ને ભારે હાલાકી સહન કરવી પડી રહી છે મલાણા ગામમાં જાહેર રસ્તાઓ પર પાણીના ખાબોચિયાં છલકી રહયા છે જેનાથી રોગચાળો ફાટવાની શક્યતાઓ પણ વધી રહી છે તેમ છતાં જવાબદાર તંત્ર જાણે ઘોર નિંદ્રા માં હોય તેમ આંખ આડા કાન કરી કોઈજ પ્રકાર ના પગલાં લેતું નથી જેના કારણે ગ્રામજનો માં રોષની લાગણી જોવા મળી રહી છે અને લોકમાંગ ઉઠવા પામી છે કે જવાબદાર તંત્ર ઘોર નિંદ્રા માંથી જાગી પોતાની જવાબદારી થી સજાગ થાય અને બગાડ થતા પાણીનો યોગ્ય નિકાલ લાવે.

## ગાંધીનગર ખાતે વિનામુલ્યે ચામડી તથા ગુપ્ત રોગોનો નિદાન કેમ્પ યોજાશે

પ્રાંતિજ, તા. ૨

ગાંધીનગર ખાતે વિનામુલ્યે ચામડી તથા ગૃપ્ત રોગોનો નિદાન કેમ્પ યોજાશે. ગાંધીનગર ખાતે મુંબઈના સુપ્રસિધ્ધ હોસ્પિટલમાં સેવાઓ આપનાર ચામડીના તથા ગુપ્ત રોગના પ્રસિધ્ધ ડૉક્ટર અર્પિતાબેન પટેલ તા.૫-૧-૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૧૧ થી ૫ સુધી તેમના હોસ્પિટલ ૧૨૯૬/૧, ચ-૩ સર્કલ પાસે સેકટર-૭- ડી ગાંધીનગર ખાતે ચામડી, વાળ, નખ તથા ગુપ્તરોગ માટે નિશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોબાઈલ નંબર ૮૧૪૦૧ ૨૮૬૧૧ ઉપર દરેક દર્દીઓએ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.



## પાલનપુરના સાસમ ગામે જર્જરિત દીવાલે ત્રણ મજૂરોની જીંદગી છીનવી લીધી

પાલનપુરના સાસમ ગામે જુના મકાનની દીવાલ ધરાશયી થતા દુર્ઘટના સર્જાઇ હતી જેમાં દીવાલ ના કાટમાળ નીચે દટાઈ જતા ત્રણ મજૂરોના કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે આ બનાવ અંગે પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પાલનપુર તાલુકાના સાસમ ગામે આજે દીવાલ ધરાશયી થતા ત્રણ મજૂરોના મોત નિપજ્યા છે. જેમાં સાસમ ગામમાં આવેલ પંચવટી વિસ્તાર માં કલ્પેશભાઈ પ્રજાપતિ તેમના જુના મકાન પાસે નવીન મકાન બનાવી રહ્યા હતા અને તેમના મકાનનું કામકાજ ચાલુ હતું તે દરમ્યાન પાસેના જુના મકાનની દીવાલ અચાનક ધરાશયી થતા કામ કરતા મજૂરો દટાઈ ગયા હતા. જો કે આ ઘટનાથી આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને દિવાલ ધરાશયી થતા કાટમાળ નીચે દટાઈ ગયેલા મજૂરોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતું પરંતુ ત્યાં સુધીમાં ગૂંગળાઈ જતા ત્રણ મજૂરોના કરું મોત નિપજ્યા હતા , આ બનાવ ની જાણ થતાં ગઢ પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ઘટના સ્થળનું પંચનામું કરી મૃતદેહોને પી એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

## કરજોડાના પ્રૌઢે ઝેર પી જીવન ટૂંકાવતા ચકચાર

પાલનપુર તાલુકાના કરજોડા ગામના ૬૮ વર્ષીય પ્રૌઢે બીમારીથી કંટાળી સેલફોસની ગોળીઓ ગળી લીધી હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હતું. કરજોડા ગામના કાંતિભાઈ દુર્લભરામ મોદી નામના ૬૮ વર્ષીય વૃદ્ધએ બીમારીથી કંટાળી સેલફોસની ગોળીઓ લઈ જીવનલીલા સંકેલી લીધી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧